ગાંધીનગર સમાચાર

# પાવર ઑફ પૅરેન્ટીંગ.... છોટા બચ્ચા જાન કર હમકો ના સમજાના રે...
## મમ્મીના પ્રેમ અને પપ્પાની પ્રેરણાથી બાળકો પાવરફુલ પરફોર્મન્સ આપે છે





છી છી, તારાં આવા ગંદા અક્ષરો? આવું કોણ વાંચશે? આવો ડાયલોગ ઘરે મમ્મી મારે અને સ્કૂલમાં ટીચર બોલે... સરવાળે ઘરે મા-બાપ અને સ્કૂલમાં ટીચર આ બાળકોને ટીચ્યાં જ કરતાં હોય છે... ટૅકનોલૉજીના આવિષ્કાર બાદ આ યંગ જનરેશન અને વિદ્યાર્થીઓ બગડી ગયાં છે, અમારાં સમયમાં તો આવું નહોતું, એવી કહાની ઘર ઘર કી છે, પરંતુ જો શાંતચિત્તે વિચારવામાં આવે કે જો આ ટૅકનોલૉજી અને ટીવી, મોબાઈલ, વૉટ્સઍપ, ફેસબૂક એમના જમાનામાં હોત, તો શું આ મમ્મી-પપ્પાઓ આટલાં સીધાં રહી શક્યાં હોત?

પાવર ઑફ પૅરેન્ટીંગ્સ સૅમિનારમાં આવા તો કેટલાય નાના-નાના દરેક પરિવાર અને પૅરેન્ટ્સને સ્પર્શતા મુદ્દા સાથે, વાતો સાથે અને એના ઉપાય સાથેનો એક સુંદર સૅમિનાર ગાંધીનગર મૅડિકલ કૉલેજના ઑડિટોરિયમમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલ દ્વારા આયોજિત કરવામાં આવ્યો તો. સુરક્ષા સેતુ સોસાયટી અને મહર્ષિ ફાઉન્ડેશનના સહયોગથી આ ફૅમિલી માટે અતિફળધાયી સૅમિનાર આયોજાયો. સિસ્ટર રેણુકા, મમતા રાવલ, નિમેષ રાવલ, સુરક્ષા સેતુના લાયઝનીંગ ઑફિસર વાલેરા અને માસ્ટર ટ્રેનર પરિક્ષિત જોબનપુત્રાના હસ્તે દીપ પ્રાગટ્યથી કોઈ લાંબી ભાષણબાજી વિના જ કાર્યક્રમ આરંભાયો...

હોમ ડિપાર્ટમેન્ટ પબ્લિક અને પોલીસ વચ્ચે સેતુ બનવાના ઉદ્દેશ્યથી આવા કાર્યક્રમમાં સહભાગી થાય છે. સરકાર દ્વારા વુમન ઍમ્પાવરમૅન્ટ સપ્તાહ ઉજવાઈ રહ્યું છે ત્યારે સુરક્ષા સેતુ સોસાયટી પણ આવા કાર્યમાં સહભાગી બન્યાનું ગૌરવ અનુભવે છે એવું પીઆઈ વાલેરાએ કહ્યું... મહર્ષિ ફાઉન્ડેશન પોઝીટીવ ઍટીટ્યુટ સાથે વિચારોનું વાવેતર કરે છે એવી લાગણી નિમેષ રાવલે જતાવી તો માઉન્ટ કાર્મેલના માયાળુ પ્રિન્સીપાલ સિસ્ટર રેણુકાએ કહ્યું કે મને ખાતરી છે કે આ દોઢ કલાકના સૅમિનાર બાદ તમારી સવાર અને પરિવાર બંનેને અચૂક ફાયદો થશે.

ઘઉંમાંથી રોટલી બને, ભાખરી બને, પુરી બને, પંજાબી લોકો લચ્છા પરાઠા બનાવે તો સારો રસોઈયો રૂમાલી રોટી બનાવે. ગણપતિને ચઢે એવા લાડુ પમ બને અને સત્યનારાયણનો શીરો બની પ્રસાદ પણ બને... ઘઉં એ જ છે, બનાવનારની કાબેલિયત ઉપર એ પદાર્થ બને છે. તમારે તમારા બાળકને રોટલી બનાવવી કે પ્રસાદનો શીરો એ મમ્મી-પપ્પાના હાથમાં જ છે... એવી એકદમ હૃદયસ્પર્શી વાત સાથે માસ્ટર અને મોટીવેશનલ ટ્રેનર પરિક્ષિત જોબનપુત્રાએ શુભ શરૂઆત કરી.

બાળક ગુસ્સો કરે, ભણવાનો કંટાળો, ખાવામાં આળશ, ટીવી વધુ જુએ, વિડીયોગેમ રમે, શિસ્તનો અભાવ, જિદ્દી, ચિડીયો સ્વભાવ, તણાવ-નિરાશા એવું બધું હોય એટલે મા-બાપ એને પ્રેમથી, લાડથી સમજાવે, બીજે દિવસે શિક્ષા કરે અને પછી મારવાનું ચાલુ... અને છેલ્લે ભગવાન ભરોસે છોડી દે, જે થવું હોયો તે થાય... પણ આ બધા પાછળનાં કારણો જો ચૅક કરીએ તો મા-બાપ જ જવાબદાર નીકળે... બાળકને કંઈ કહેતા પહેલાં તમારામાં એથી વધુ ટૅલેન્ટ જોઈએ, નહીં તો ઘરના મોટા ભીમ કરતાં ટીવીનો છોટા ભીમ વધુ અસર કરી જાય...

પહેલાં સોનીનો દીકરો સોની, સુથારનો દીકરો મિસ્ત્રી કે ડૉક્ટરનો દીકરો ડૉક્ટર બને એવું જ બનતું, એટલે મોટાભાગે દીકરો બાપના રસ્તા પર ચાલે અને દીકરી મમ્મીના માર્ગે ઘર સાચવવાનું શીખે... આજે ટૅકનોલૉજીના ચમત્કારે અને અદ્ભૂત ટૅલેન્ટે એ મૉનોપૉલી તોડી નાંખી ચે. આજે સાત વર્ષનું બાળક પપ્પાનો ફોન ઑપરેટ કરી શકે છે, એ એની ટૅલેન્ટ અને ટૅકનોલૉજીનો ચમત્કાર છે. જો મા-બાપના સમયમાં આ ટીવી અને ટૅકનોલૉજી હોત તો શું તેઓ અત્યારે છે એવા સંસ્કારી રહી શક્યા હોત? મા-બાપ જો ટીવી સામે ગોઠવાઈ જતા હોય અને બાળક ટીવી ન જુએ એવો આગ્રહ રાખે તો તે ક્યાંથી શક્ય બને?

બાળકોની ક્યારેય કોઈ સાથે તુલના કરશો નહીં. દરેકમાં કંઈ ખૂબી અને ખામી રહેલી જ હોય છે. મા-બાપે જ એ શોધીને એને સુધારવાની કે નિખારવાની હોય છે. બાળકને એના કામ માટે જાદુ કી ઝપ્પી કે પ્રેમથી પપ્પી કરો, એ તમારી વધુ નજીક આવશે. આમ તો સોશિયલ મીડિયામાં ખાસ્સી ફેમસ થયેલી પણ છતાંય વારંવાર સાંભળવી અને પ્રેરણા લઈ શકાય એવી વાર્તા... દીકરો અને પપ્પા કાર પ્રવાસમાં, એમની ૬૦-૭૦ની સ્પીડે દોડતી મારૂતિ કારને ઘણી ગાડીઓ ઓવરટેક કરી ગઈ, મર્સિડીઝ તો




૧૧૦-૧૨૦ની સ્પીડે ગઈ, ત્યારે દીકરો સતત પપ્પાને કહેતો આમનાથી આગળ ભગાવો, પપ્પા કહેતાં આપણી ગાડી આનાથી વધુ તેજ ગતિએ જશે તો અકસ્માત થશે... બસ, પપ્પા હું એ જ કહું છું, મારી ગાડી પણ ૬૦-૭૦ ટકાથી વધુ નહીં ભાગી શકે... પોતપોતાની મર્યાદા સમજવાની વાત છે.

મારા ૨૧ વર્ષની ઉંમરે પાવર ઑફ પૅરેન્ટીંગના ક્લાસ ચાલુ કરનારા અને સળંગ નવ વર્ષથી કેટલાય માતા-પિતાની વિચારસરણીને નવો ઓપ આપનારા પરિક્ષિત જોબનપુત્રાએ મોટીવેશનલ ટ્રેનર તરીકે ખાસ્સું નામ કમાયું છે. માત્ર ૨૯ વર્ષની ઉંમરે એમની ડ્રીમ કાર મર્સિડીઝ વસાવનારા એમનું માનવું છે કે માતા-પિતાના હકારાત્મક સપોર્ટથી જ આ બન્યું છે... પાડોશી ગૌરાંગને ૯૨ ટકા આવતાં પોતાના બાળકને ધમકાવતાં મા-બાપે એટલું યાદ રાખવું કે જો એ તમારો દીકરો એમ કહેશે કે હું ગૌરાંગ જેટલા ટકા લાવીશ એવું શીખીશ પણ તમે પણ આ મોટરસાયકલની જગ્યાએ એમના જેવી ચાર ગાડી આપણા પાર્કિંગમાં આવે એવું એમના પાસેથી શીખો. તો તમારૂં શું થશે? પત્નીના હાથની પાઉંભાજી એક દિવસ પગડે અને પતિ એમ કહે કે તારા કરતાં તો પેલી દર્શના સારી બનાવે છે... તો તરત પત્નીનો કાબૂ જશે, શું કામ મારી સાથે પરણ્યા? લાવવી હતી ને એ દર્શનાડીને... જો તમારી એક વાત પર પત્ની આટલી ભડકતી હોય તો તમે તમારા બાળકને રોજ બોલબોલ કરો તો એની હાલત શું થાય? તમારું બાળક જો તમને એમ કહે કે જો મારામાં આટલી બધી ખામી છે તો મને શું કામ પેદા કર્યો? તમને ગમે છે એવાને પેદા કરવો હતો ને!

બાળકોને પ્રેમ કરતાં શીખો. બાળક સાથે બાળક જેવા બનો. એને ભેટો, અડો, પીઠ થાબડો, માથા પરથી હાથ ફેરવો, સ્પર્શ કરો, સાથે બેસીને એની કાર્ટુન ચૅનલ જુઓ, એને પંપાળો, વ્હાલ કરો... ઘરના સોફા પર કૂદકા મારતાં સોફા તૂટે તો ભલે પણ બાળકનું દિલના તૂટે એનું ધ્યાન રાખશો તો આપોઆપ ફરિયાદ ઘટી જશે...

ઘરમાં રમકડાં-નોટબૂકથી અવ્યવસ્થા કરે તો 'સરખું કોણ કરશે? તારો...' એવું બોલવા કરતાં આવ આપણે સરખું કરી દીએ. દિવાલ ચિતરે તો હું તને કાગળ, કલર લાવી આપીશ કે કાચનો ગ્લાસ ફૂટે તો 'બેટા, વાગ્યું તો નથી ને? ગ્લાસ તો નવો આવી જશે...' એવી હકારાત્મક વાત કરશો તો બાળક અવશ્ય સારું બનશે જ... આજનો યુવાન ૧૮ વર્ષનો થાય ત્યાં સુધી એ પાંચ લાખ વખત 'ના' સાંભળી ચૂક્યો હોય છે. જ્યારે 'હા' માત્ર પાંચ હજાર વખત એ એટલે જ એ નવા કામમાં જલદીથી ના પાડે છે...

તમારા બાળકની ગૂડ હૅબિટ્સ એક કાગળ પર લખો અને બૅડ હૅબિટ્સ બીજા કાગળ પર લખી એના કબાટ પર સારી બહારની બાજુ અને ખરાબ અંદરની બાજુ લગાડી એનાં સારા પાસાની જ ચર્ચા કરો... ત્રણ માસમાં પરિવર્તન આવી જશે... આઈ ઍમ પ્રાઉડ ઑફ યુ કે આઈ લવ યુ એવું કહીને બાળકને મોટીવેટ કરો... ટીવીની દિવાલ પર દસ મોટીવેશનલ પુસ્તકો મુકો... રોજ બાળક સાથે ૨૦ મિનિટ મનગમતી વાતો કરો... અનિલ અંબાણી જો એના બાળકો માટે અઠવાડિયે ત્રણ દિવસ સમય કાઢી શકતા હોય તો આપણે તો કાઢી જ શકીએ... સો વાતની એક વાત, બાળકો આપણું અનુકરણ કરે છે, આપણે જે કહીએ એ નહીં, કરીએ એ કરે છે... બાળકો મમ્મીના પ્રેમ અને પપ્પાની પ્રેરણાથી તૈયાર થાય છે... પૅરેન્ટ્સ પાવરફૂલ હશે તો બાળકો હોનહાર થવાનાં જ... આ સૅમિનારમાંથી જો ત્રણેક વાતો પણ જો સ્વિકારી લે તો ઘર-ઘરમાં શ્રેષ્ઠ બાળકોનું ઘડતર શક્ય બનશે અને મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થશે...



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે શુક્રવારે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમને સંતાનમાં માત્ર એક જ દીકરી હોય તેવી માતાઓનું સન્માન યોજવામાં આવ્યું હતું. પ્રિન્સીપાલ અર્પિત ક્રિશ્ચિયન અને અધ્યાપક વર્ષાબેન પારેખે પચીસ જેટલી આવી વિશિષ્ટ માતાઓને હેતથી આવકારી હતી અને સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૮

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે સૅક્ટર-૭માં કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની ૩૫ વિદ્યાર્થીનીઓએ સૅક્ટર-૭ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી.

પોલીસ સ્ટેશન ખાતે સિનિયર પીઆઈ શ્રી ઍલ બી મોણપરા, પીઍસઆઈ શ્રી ચૌહાણ, જાગૃતિબેન, લક્ષ્મણભાઈ, હસમુખભાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને આવકારી હતી અને તેમને સમગ્ર પોલીસ સ્ટેશનની મુલાકાત સાથે સમજ આપી હતી. અહીં વિદ્યાર્થીનીઓએ લૉક-અપ રૂમ પણ જોયો હતો. સિનિયર પીઆઈએ વિદ્યાર્થીનીઓને બૉલપેનની ભેટ આપી પ્રોત્સાહિત કરી હતી.

આ પ્રસંગે કૉલેજના અધ્યાપિકા પ્રા. સોનલ મોદી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજનને પ્રિન્સીપાલ ડૉ. ઉર્મિલા ચૌધરીનો સહયોગ સાંપડ્યો હતો.

## ઍસ કે દેસાઈ વિદ્યામંદિર ખાતે મહિલા સશક્તિકરણ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

સદ્વિચાર પરિવાર સંચાલિત શ્રી હીરાલક્ષ્મી ભીખાલાલ બેંકર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદના પરિસરમાં કાર્યરત ઍસ કે દેસાઈ વિકલાંગ વિદ્યામંદિરમાં મહિલા સશક્તિકરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષિકાઓએ મહિલા સશક્તિકરણ અંગે પોતાના વિચારો રજૂ કરીને દેશના વિકાસમાં મહિલાઓનું યોગદાન વિષયે વક્તવ્યો આપ્યાં હતાં તથા સામાજિક, આર્થિક, રાજકીય ક્ષેત્રે જે મહિલાઓએ મોટું યોગદાન આપ્યું છે તેમના જીવન ઉપર પ્રકાશ પાડ્યો હતો.

'આજના સમયમાં સ્ત્રીનું સ્થાન' વિષયે આનંદીબેન પી જોષીએ વક્તવ્ય આપતાં 'નારી એ બિચારી નથી, પરંતુ નારી એ આજના યુગની શક્તિ છે' એમ જણાવ્યું હતું. અન્ય બહેનોએ પણ નારી રત્નો વિશે પોતાના વિચારો રજૂ કરી સરકાર દ્વારા કરવામાં આવતા મહિલા સશક્તિકરણના પ્રયાસોને બિરદાવતાં આ પ્રયત્નોમાં સહકારની વાતને દોહરાવી હતી.

પ્રાથમિક શાળાનાં શિક્ષિકા બહેનોએ 'મહિલા સશક્તિકરણમાં પુરુષોની ભૂમિકા' વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આજે રાષ્ટ્રીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ખાતે કાર્યરત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તા. ૯ ઑગષ્ટને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકથી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ, સૅક્ટર-૧૦ના મધ્યસ્થ ખંડમાં 'એકાત્મ માનવદર્શન:સામાજિક, શૈક્ષણિક અને આર્થિક પરિપ્રેક્ષ્ય' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે, જેના પ્રથમ સત્રમાં રાજ્યપાલ ઉપસ્થિત રહેશે.

## મનોરંજન

| સિનેમેક્સ | સિટી પલ્સ |
|---|---|
| **સ્ક્રીન-૧** | **સ્ક્રીન-૧** |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) | દૃશ્યમ - ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦ |
| ૯.૦૦, ૧૧.૩૦, ૨.૧૫, | **સ્ક્રીન-૨** |
| ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦ | બેંગીસ્તાન |
| **સ્ક્રીન-૨** | ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૧૫ |
| બેંગીસ્તાન - સવારે ૯.૧૫ | બાહુબલિ - ૭.૦૦ |
| દૃશ્યમ - ૧૨.૦૦, ૩.૨૦, | **સ્ક્રીન-૩** |
| ૬.૪૦, ૧૦.૦૦ | મિશન ઈમ્પોસીબલ (હિન્દી) |
| **સ્ક્રીન-૩** | ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫ |
| મિશન ઈમ્પોસીબલ (હિન્દી) | મિનશ ઈમ્પોસીબલ (અંગ્રેજી) |
| ૧૦.૦૦, ૬.૪૫ | ૨.૪૫, ૭.૪૫ |
| બેંગીસ્તાન - ૧૨.૪૫ | **સ્ક્રીન-૪** |
| બજરંગી ભાઈજાન - ૩.૩૦, ૯.૩૦ | દૃશ્યમ - સવારે ૧૦.૦૦ |
| **સ્ક્રીન-૪** | બજરંગી ભાઈજાન |
| દૃશ્યમ - સવારે ૧૦.૦૦ | ૧.૦૦, ૯.૪૫ |
| બાહુબલિ - ૧.૦૫, ૭.૧૦ | જાંનિસાર - ૪.૧૫ |
| બેંગીસ્તાન - ૪.૨૫, ૧૦.૩૦ | મસાન (એ) - ૭.૧૫ |
| | **સ્ક્રીન-૫** |
| | બેંગીસ્તાન |
| | સવારે ૧૦.૦૦, ૭.૦૦ |
| | દૃશ્યમ - ૧૨.૧૫ |
| | બિન રોયે - ૩.૪૫ |
| | બાહુબલિ - રાત્રે ૧૦.૦૦ |

## સાહિત્ય સભાની આજે માસિક બેઠક
### સાહિત્યસર્જકોને સ્વરચિત કૃતિઓ સાથે આવવા અપીલ

ગાંધીનગર, તા. ૮

છેલ્લાં ૧૮ વર્ષથી નિયમિત મળતી ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને રવિવાર, તા. ૯ ઑગષ્ટના રોજ સાંજે સૅક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળશે.

સૌ સાહિત્ય સર્જકોને એમની સ્વરચિત કૃતિ સાથે નમન ઍપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સૅક્ટર-૨૧ ખાતે સાંજે સાડા પાંચ કલાકે ઉપસ્થિત રહેવા ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે ભાવભીનું આમંત્રણ પાઠવ્યું છે.

## પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓએ રાઈફલ શૂટીંગમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૮

ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે સૅક્ટર-૭માં કાર્યરત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની ૨૦ વિદ્યાર્થીનીઓએ કરાઈ ખાતે રાઈફલ શૂટીંગમાં ભાગ લીધો હતો.

સૅક્ટર-૭ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર મિની જોસેફના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓ સાથે તેઓ ઉપરાંત એપીઆઈ ચૌધરી તથા મહિલા કૉન્સ્ટેબલ અને પ્રા. સોનલ મોદી ઉપસ્થિત રહ્યા હતા.

કરાઈ પોલીસ ઍકેડેમી ખાતે અધિકારી શ્રી જેઠવાએ વિદ્યાર્થીનીઓને હથિયારો તેમજ તેના ઉપયોગ અંગે વિગતવાર સમજ આપી હતી. કાર્યક્રમમાં કૉલેજનાં આચાર્ય ડૉ. ઉર્મિલાબેનનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ગાંધીનગરના કલાકારો આજે નડિઆદમાં

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના નાટ્ય કલાકારો રવિવારે સાંજે કલામંદિર, નડિઆદ ખાતે 'ડૉ. બાબાસાહેબ આંબેડકર' નાટ્યની ભજવણી કરશે. નેહા આર્ટના બૅનર તળે મૌલિક શ્રીમાળીના નિર્દેશમાં ફાલ્ગુન નંદા, આકાશ શાહ, અભિલાષ શાહ, દીપલ પરમાર, પ્રફુલ્લા ખંધડિયા અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરશે.

# 'બેન્ગીસ્તાન'માં સિનેમા હૉલની હાલત હશે 'રેગીસ્તાન'!



વર્ષ-૨૦૦૦માં હ્રિતિક રોશન, કરિશ્મા કપૂર અને જયા બચ્ચનવાળી ફિલ્મ 'ફિઝા' રીલીઝ થઈ હતી. તદન ફ્લોપ ગયેલી આ ફિલ્મની વિશેષતા એ હતી કે, ભારતના મશહૂર ફિલ્મ સમીક્ષક ખાલીદ મોહમ્મદ આ ફિલ્મના લેખક અને દિગ્દર્શક હતા. બધી જ હિન્દી ફિલ્મોને ઝીણવટપૂર્વક જોઈને તેની ખૂબીઓ અને ખામીઓની સચોટ સમીક્ષા કરતા ફિલ્મ સમીક્ષક જ્યારે જાતે ફિલ્મ બનાવવા બેસે છે ત્યારે શું દશા થાય છે એનું સૌથી મોટું ઉદાહરણ 'ફિઝા' છે. ફરી એક વખત 'બેન્ગીસ્તાન' ફિલ્મે ઈતિહાસનું પુનરાવર્તન કર્યું છે...!!! ફરી એક વખત કોઈ ફિલ્મ સમીક્ષક ફિલ્મના દિગ્દર્શક બની ને આવ્યા છે.

મુંબઈથી પ્રસિધ્ધ થતા ટાઈમ્સ ગૃપના ટેબ્લોઈડ - મુંબઈ મીરરમાં ૨૦૧૧ થી હિન્દી ફિલ્મોની સમીક્ષા કરતા ફિલ્મ સમીક્ષક કરણ અંશુમાન દિગ્દર્શક તરીકેની તેમની પહેલી ફિલ્મ 'બેન્ગીસ્તાન' લઈને આવ્યા છે. કરણ અંશુમાન 'ઘાતકી રીતે પ્રમાણિક' ફિલ્મ સમીક્ષક તરીકેની ઓળખ ધરાવે છે. ડેવીડ ધવનની ફિલ્મ 'રાસ્કલ'ને તેમણે રેટીંગમાં અડધો સ્ટાર આપ્યો ત્યારે ડેવીડ ધવન સાથે તેમને થોડી માથાકૂટ પણ થઈ હતી. કહેવાનું તાત્પર્ય એ છે કે, આવા ઘાતકી, કડક અને પ્રમાણિક આલોચક કરણ અંશુમાનની 'બેન્ગીસ્તાન' પ્રત્યે આપણે પણ ઘાતકી રીતે પ્રમાણિક થઈએ તો આ ફિલ્મને કેટલા સ્ટાર મળે...???

મલ્ટીસ્ટારર કૉમેડી ફિલ્મોમાં પોતાનું સ્થાન માંડ-માંડ ઊભુ કરી શકેલા અભિનેતા રિતેશ દેશમુખ અને 'બીટ્ટુ બૉસ' તથા 'ફૂકરે' જેવી બહુ ઓછી સફળ થયલી ફિલ્મોથી થોડા-ઘણા જાણીતા થયેલા અભિનેતા પુલકીત સમ્રાટને મુખ્ય ભૂમિકામાં રજૂ કરતી ફિલ્મ 'બેન્ગીસ્તાન' હિન્દુ-મુસ્લિમ સબંધોમાં પ્રવર્તતી તાણ, બન્ને વર્ગો અને ધર્મો વચ્ચેનું વૈમનસ્ય અને આતંકવાદની સાચી વાસ્તવિકતા દર્શાવતી કટાક્ષયુક્ત કૉમેડી ફિલ્મ છે. કૉલ સેન્ટરમાં કામ કરતો હાફિઝ બીન અલી (રિતેશ દેશમુખ) અને રામલીલામાં હનુમાનજીની ભૂમિકા ભજવતો પ્રવીણ ચતુર્વેદી (પુલકીત સમ્રાટ) પોતપોતાના વર્તમાનથી રાજી નથી. યુવાનોની આ માનસિકતાનો ગેરલાભ લેવા બેઠેલા ધાર્મિક કટ્ટરપંથી તત્વો તેમને આતંકવાદી બનવા પ્રેરે છે. જમાનાથી ત્રાસી ગયેલા યુવાનો ત્રાસવાદી બનવા નિકળી પડે છે. મુસ્લિમ હાફિઝ બીન અલી એટલે કે રિતેશ દેશમુખ - ઈશ્વરચંદ શર્મા નામ ધારણ કરીને હિન્દુ આતંકવાદી બને છે. અને હિન્દુ પ્રવીણ ચતુર્વેદી એટલે કે પુલકીત સમ્રાટ - અલ્લારખા ખાન નામ ધારણ કરીને મુસ્લિમ આતંકવાદી બને છે. બન્ને યુવાનો ધર્મ બદલે છે પરંતુ પોતાનું મન અને હૃદય બદલી શકતા નથી. આવી સ્થિતીમાં અનેક ગોટાળાઓ સર્જાય છે. અંતમાં બન્ને યુવાનોને સાચી પરિસ્થિતીની પરખ થાય છે અને બે યુવાનોના માધ્યમથી સમાજને ધર્મ અને સમ્પ્રદાયના નામે ખેલાતા ખેલથી વાકેફ કરવાનો પ્રયત્ન થાય છે. સમાજને એટલે કે, પ્રેક્ષકોને કટાક્ષ, કૉમેડી અને ફારસ પછી અત્યંત ગંભીર મુલ્યોનો મેસેજ આપવાનો પ્રયાસ કરાયો છે.

અભિનેતા તરીકે રિતેશ દેશમુખની ઘણી મર્યાદાઓ છે. આ અભિનેતા પોતાનું બેસ્ટ ઑફ ધી બેસ્ટ આપે છે તો પણ પ્રેક્ષકોના મર્યાદિત સમુહને જ આકર્ષી શક્યો છે. એવું જ પુલકીત સમ્રાટનું છે. અભિનયની ઊર્જા થી દરેક ળેમમાં છલકાતો આ અભિનેતા પ્રેક્ષકોમાં લોકપ્રિયતા ઊભી નથી કરી શક્યો. એકતા કપૂરની 'ક્યોંકી સાસભી કભી બહુ થી'નો લક્ષ્ય વીરાણી - પુલકીત સમ્રાટ મુંબઈમાં રહેતી શ્વેતા રોહિરા નામની ડ્રેસ ડિઝાઈનરનો પતિ છે. શ્વેતા રોહિરા આપણા માનવતાવાદી




ભાઈજાન-સલમાન ખાનની રાખી બહેન છે. આ નાતે માનવતાવાદી સલ્લુ ભાઈજાને રાખી બનેવી પુલકીત સમ્રાટને પોતાની ફિલ્મ 'જય હો'માં એક નાનકડો રોલ આપ્યો હતો. સલમાન ભાઈજાનના રિયલ બનેવી અતુલ અગ્નિહોત્રીએ પણ પોતાની ફિલ્મ 'ઓ તેરી'માં પુલકીતભાઈને લીધા હતા. આ બધા પ્રયત્નો પછી પણ પુલકીત હિન્દી ફિલ્મોનો 'સમ્રાટ' થઈ શકે એવી સંભાવનાઓ બહુ ઓછી છે. પ્રેક્ષકો રિતેશ દેશમુખ અને પુલકીત સમ્રાટના નામે સિનેમા ઘર સુધી ખેંચાઈ આવે એવી સંભાવનાઓ પણ બહુ ઓછી છે, અને એટલે જ પ્રેક્ષકોને લલચાવવા દિગ્દર્શક કરણ અંશુમાને મહેમાન કલાકાર તરીકે જેક્વૅલીન ફર્નાન્ડીસને લીધી છે. દિગ્દર્શકનો આ દાવ પણ નિષ્ફળ જ છે. ફિલ્મ 'બેન્ગીસ્તાન'નું સૌથી મજબુત પાસુ હોય તો તે સંગીતકાર રામ સંપતે સંગીતબધ્ધ કરેલા ગીતકાર પુનિત ક્રિષ્નાના ગીતો છે. આ પહેલાં રામ સંપતને આપણે આમીર ખાન વાળી ફિલ્મ 'તલાશ'માં સાંભળ્યા અને વખાણ્યા હતા. ટી.વી. અને રેડીયો પર આવતી એરટેલ, ડોકોમો, થમ્સઅપ અને પેપ્સી જેવી એડ ફિલ્મોના જિંગલ્સના સંગીતકાર રામ સંપતના સંગીતમાં ફિલ્મ 'બેન્ગીસ્તાન'માં સોના મોહાપાત્રા, શાદાબ ફરીદી, બેની દયાલ અને અભિષેક નૈલવાલ જેવા સારા ગજાના ગાયકોના સ્વરમાં અર્થસભર ગીતો એકવાર સાંભળવા ગમે તેવા છે.

ગીતકાર પુનિત ક્રિષ્ના એ ફિલ્મનો સ્ક્રીન-પ્લે લખવામાં પણ મદદ કરી છે. સુમિત પુરોહિત સાથે મળીને દિગ્દર્શક કરણ અંશુમાને જાતે જ સ્ક્રીન-પ્લે પણ તૈયાર કર્યો છે. ફિલ્મનું સૌથી નબળું પાસું તેનો સ્ક્રીન-પ્લે અને તદન સામાન્ય વાર્તાનું કથાનક છે. ઘણી સફળ ફિલ્મોના નિર્માતાઓ - રિતેશ સિધવાણી અને ફરહાન અખ્તરે ફિલ્મ 'બેન્ગીસ્તાન'નું નિર્માણ કર્યું છે. ફિલ્મ વ્યવસાયમાં નિપુણ એવા આ નિર્માતાઓએ ડહાપણ દાખવીને થોડા સમય પહેલાં રજુ થયેલી તેમની ફિલ્મ 'દિલ ધડકને દો'ના સેટેલાઈટ રાઈટ્સ સાથે સ્કીમમાં ફિલ્મ 'બેન્ગીસ્તાન'ના રાઈટ્સ પણ વેચી નાખ્યા હતા. અન્યથા આ ફિલ્મને વેચવામાં પણ તકલીફ પડવાની પુરી સંભાવના તેમણે પણ જોઈ હશે.

પુનઃ આપણે મૂળ વાતમાં અનુસંધાન મેળવીએ તો કરણ અંશુમાન સ્વયં ફિલ્મ સમીક્ષકને બદલે ફિલ્મ દિગ્દર્શક બન્યા છે. ફિલ્મો જોઈને તેની ખૂબીઓ અને આસાન છે જ્યારે ફિલ્મની વાર્તાથી લઈને તેની રિલીઝ સુધીની જવાબદારી સંભાળીને સફળ ફિલ્મ બનાવવી એ સૌથી વધુ વિકટ અને ખૂબજ અઘરી વાત છે. આ વાસ્તવિકતા ખાલીદ મોહમ્મદને તો સમજાઈ ગઈ છે... 'બેન્ગીસ્તાન' પછી કરણ અંશુમાનને પણ સમજાઈ જશે. ફિલ્મોની સમીક્ષા લખવામાં કરણ અંશુમાનની માફક આપણે પણ 'ઘાતકી રીતે પ્રમાણિક' થઈને કહીએ તો 'બેન્ગીસ્તાન' જ્યાં દર્શાવાતું હશે તે સિનેમાહૉલની દશા 'રેગીસ્તાન' જેવી હશે...!!!

'બાહુબલી'ની ભવ્યતાથી મંત્રમુગ્ધ થયેલા પ્રેક્ષકો...'બજરંગી ભાઈજાન'ના મનોરંજનથી મસ્તીમાં આવી ગયેલા પ્રેક્ષકો... અને 'દૃશ્યમ'માં મનોમંથન કરીને સજ્જ થયેલા પ્રેક્ષકો 'બેન્ગીસ્તાન' સામે બગાસું પણ ખાવાના મુડમાં નથી.

